## જન્મદિને વધામણી



**પ્રેરક વસાવડા**
મો. ૯૮૨૪૫ ૪૩૧૭૦



**યતીન્દ્ર કા ભટ્ટ**
મો. ૯૪૨૭૦ ૫૧૧૭૯



**ભૌમિક વાય ભટ્ટ**
ઈન્ટિરિયર આર્કિટેક્ટ
મો. ૯૯૦૯૯ ૧૭૩૬૬



**ઉષાબેન એમ ચૌહાણ**
કન્વીર, જાગૃત મહિલા મંડળ
મો. ૯૭૨૪૧ ૨૫૯૯૦

## મનોરંજન

**સિનેમેક્સ**

**સ્ક્રીન-૨**
મૈં ઔર ચાર્લ્સ
૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
ગૂઝબમ્પ્સ (અંગ્રેજી ૩ડી)
૧૨.૩૦, ૫.૦૦, ૯.૪૫
ગૂઝબમ્પ્સ (હિન્દી ૩ડી)
૨.૪૫, ૭.૧૫
**સ્ક્રીન-૪**
શાનદાર
૧.૦૦
ગુડ્ડુ કી ગન
૪.૦૦, ૧૦.૦૦
ગુજ્જુભાઈ ધ ગ્રેટ
૭.૦૦
**સ્ક્રીન-૫**
મૈં ઔર ચાર્લ્સ
૧૦.૦૦, ૧૨.૪૫
શાનદાર
૬.૪૫
પ્યાર કા પંચનામા
૩.૪૫, ૧૦.૧૫

# ફોટોગ્રાફર્સ દ્વારા કૅનાલના તીરે સફાઈ અભિયાન







ગાંધીનગરમાં વસતા ફોટોગ્રાફર્સ મિત્રો તથા કેટલાક પર્યાવરણપ્રેમીઓ દ્વારા 'પર્યાવરણ બચાવો અભિયાન' અંતર્ગત કોબા સર્કલથી ઈન્દિરા બ્રિજ વચ્ચે ફેલાયેલી નર્મદા કૅનાલના તીરે સફાઈ અભિયાનનો કાર્યક્રમ આજે હાથ ધર્યો હતો. અગાઉથી નિયત અને જાહેર કરેલા કાર્યક્રમ મુજબ ફોટોગ્રાફર્સ સવારે ૯ કલાકે આ સફાઈ કાર્ય માટે કૅનાલના તીરે એકત્ર થઈ ગયા હતા અને પોતાના કાર્યનો તેમણે આરંભ કરી દીધો હતો. કૅનાલની આસપાસથી તેમણે જે કચરો એકત્ર કર્યો હતો એનાથી ૧૫ કોથળા ભરાયા હતા, જેમાં પ્લાસ્ટિક વેસ્ટ ઉપરાંત અન્ય કચરો પણ હતો. ફોટોગ્રાફર્સનું આ સેવાકાર્ય જોઈ ત્યાંથી પસાર થતા કેટલાક રાહદારીઓ સ્વયંભૂ રીતે તેમની સહાયમાં જોડાઈ ગયા હતા અને તેમણે પણ સફાઈના આ યજ્ઞમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

ગાંધીનગર મહાનગરપાલિકાના વૉર્ડ-૯ના કાઉન્સિલર નામદેવ વર્સાતે આ પ્રસંગે ઉપસ્થિત રહી ફોટોગ્રાફર્સને પ્રોત્સાહિત કર્યા હતા. સફાઈ અભિયાનમાં સામેલ સર્વ ફોટોગ્રાફર્સ વતી નિકુંજ પી વૈશ્યક દ્વારા જાહેર જનતાને કૅનાલમાં કચરો ન નાંખવા તથા અન્યને પણ સમજાવવા માટે અપીલ કરવામાં આવી છે.

## સરદાર વિષયક વક્તૃત્ત્વમાં હાર્દિક સોરઠિયા વિજેતા



ગાંધીનગર, તા. ૧

જીટીયુ આયોજિત સરદાર પટેલ વિષયક વ્યાખ્યાનમાં સમગ્ર ગુજરાતમાં ગાંધીનગરની એનઆઈસીએમ કૉલેજના પૂર્વ વિદ્યાર્થી હાર્દિક સોરઠિયા બીજા ક્રમે વિજેતા બન્યા છે.

ગુજરાત ટૅકનોલૉજીકલ યુનિવર્સિટી્ ને સૅન્ટર ફૉર ગવર્નન્સ સિસ્ટમ દ્વારા પ્રેરિત 'જીટીયુ ઈન્ટર કૉલેજ ઈલોક્યુશન કૉમ્પીટીશન ઑન સરદાર પટેલ ઍન્ડ હીઝ રોલ ઈન યુનાઈટીંગ ઈન્ડિયા'નું આયોજન સરદાર પટેલની જન્મજયંતિ નિમિત્તે કરવામાં આવ્યું હતું.

ચાંદખેડા ખાતે જીટીયુ ઑડિટોરિયમમાં આયોજિત આ સ્પર્ધામાં ૭૫થી વધુ કૉલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જે પૈકી હાર્દિક સોરઠિયાએ બીજો ક્રમાંક મેળવ્યો હતો.

સ્પર્ધાના અંતે હાર્દિકનો યુનિવર્સિટીના વાઈસ ચાન્સૅલર અક્ષય અગ્રવાલ અને મિસ અગ્રવાલના હસ્તે ઈનામ, સ્મૃતિચિન્હ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

# પુસ્તક પરબમાં સાહિત્યને મળ્યો સૂરોનો સથવારો



## ૫૦૦ જેટલા પુસ્તકપ્રેમીઓ પરબે આવ્યાં

ગાંધીનગર, તા. ૧

દર માસના પ્રથમ રવિવારે ગાંધીનગર ખાતે યોજાતી પુસ્તક પરબ આજે પણ ઘ-૪ સર્કલ ખાતે યોજવામાં આવી હતી, જ્યાં વાચકોને સાહિત્ય સહિત સૂરોનો પણ સથવારો પ્રાપ્ત થયો હતો.

માતૃભાષા અભિયાન અને આત્મન્ ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગરમાં આ પુસ્તક પરબ યોજવામાં આવે છે, જેમાં આજે પુસ્તકપ્રેમીઓની ભીડ પણ ઉલ્લેખનીય રહી હતી. પોતાના ક્રમ મુજબ સવારે ૭.૩૦ વાગ્યે આ પુસ્તક પરબનો પ્રારંભ થઈ ચૂક્યો હતો પરંતુ પુસ્તકપ્રેમીઓ એ પહેલાં ઘ-૪ પહોંચી ચૂક્યા હતા. ધીરે-ધીરે કરી પુસ્તકપ્રેમીઓની એટલી ભીડ જામી કે પુસ્તકો લઈ જવા અર્થે નામ નોંધાવવા માટે લોકોને કતારમાં ગોઠવાવું પડ્યું. કુલ મળીને ૫૦૦ જેટલાં લોકોએ આજે પુસ્તક પરબનો લાભ લીધો હતો.

પુસ્તક પરબ બરાબર જામી ત્યારે ગાંધીનગરના સિનિયર ચિત્રકાર, કાર્ટૂનિસ્ટ ચિપલોનકરદાદા ત્યાં આવી પહોંચ્યા અને એમણે પરબના આયોજકો, વાચકોના લાભાર્થે મોજથી વીસેક મિનીટ વાંસળી વાદન કર્યું. ગુલાબી ઠંડી ધરાવતી શિયાળાની સવાર, પુસ્તકોનો સથવારો અને સૂરોનો સાથ - સમગ્ર વાતાવરણ જાણે આહ્લાદક બની ગયું. સૌએ ચિપલોનકરદાદાનું વાંસળી વાદન રસથી સાંભળ્યું અને એમના પ્રતિ અભિનંદન, આભારની લાગણી પણ વ્યક્ત કરી.

પુસ્તક પરબના આ આયોજનમાં પ્રજ્ઞાબેન પટેલ, આશાબેન સરવૈયા, સંજય થોરાત, અશોક ત્રિવેદી, દિશાન્ત ગર્ગ અને ધૂર્જટી પ્રજાપતિ જોડાયાં હતાં.

# ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજમાં એકતા દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે સરદાર વલ્લભભાઈ પટેલના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી, જે અંતર્ગત વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. 'મૃદુ વ્યક્તિત્વના પરિચાયક - સરદાર પટેલ', 'લોખંડી વ્યક્તિત્ત્વ-સરદાર પટેલ' અને 'સરદાર પટેલ : ગઈકાલ, આજ અને આવતીકાલ' જેવા વિષયો આ વક્તૃત્ત્વ સ્પર્ધા માટે આપવામાં આવ્યા હતા.

વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક આ વિષયો પોતાનાં વક્તવ્યો આપ્યાં હતાં અને સરદાર પટેલના સમગ્ર જીવનચિત્રને પ્રસ્તુત કર્યું હતું. સ્પર્ધાના નિર્ણાયક તરીકે ડૉ. મીનાબેન વ્યાસ, પ્રા. મુન્નાબેન ચૌધરી અને પ્રા. ગીતાબેન ચૌધરીએ પોતાની સેવાઓ આપી હતી.

ડૉ. બી પી રાવે સરદાર પટેલના જીવન પ્રસંગો વિશે વાત કરી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન, સંચાલન ડૉ. લીના સ્વાદિયા, ડૉ. રાકેશભાઈ પટેલ અને મેહુલભાઈ શાસ્ત્રી દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડૉ. ઉર્મિલાબેને આ પ્રસંગે ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત લલિતકલા ઍકેડેમી ખાતે ગાયન, તબલાં, હાર્મોનિયમ, કથ્થક, ભરત નાટ્યમ જેવી કલાઓની તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓ માટે લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૫૨ પરીક્ષાર્થીઓએ આ પરીક્ષા આપી હતી, જેમાં છોકરીઓની સંખ્યા વધુ હતી, ૧૦ છોકરાઓ પણ હતા. મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬માં ધોરણ-૧૨માં અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ ત્રિલોક ઉમાકાન્ત સુખડિયા તબલાંવાદનની તાલીમ લઈ રહ્યા છે, એમણે પણ આજે થિયરીની આ પરીક્ષામાં ભાગ લીધો હતો. **(તસવીર : કશ્યપ નિમાવત)**

# ગીતા એ અનુસરણ-અનુકરણનો ગ્રંથ છે

ભારતના મશૂહર ઉર્દૂ શાયર જનાબ અનવર જલાલપુરીના 'ઉર્દૂ શાયરી મેં ગીતા' પુસ્તકનું સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલનાં નિવૃત્ત અને વિદ્યાર્થીઓનાં માનીતાં શિક્ષિકા કુન્દનબેન દવેએ ભાવાનુવાદ કરી ભગવદ્ ગીતાની ઉર્દૂ શાયરીઓનો ગુજરાતીમાં આસ્વાદ કર્યો.




ભારતના મશહૂર શાયર અનવર જલાલપુરીને બચપનથી જ ગીતાની વાતો અને પ્રસંગોથી અલગ લગાવ હતો. અંગ્રેજીના પ્રાધ્યાપક હોવા છતાં એમણે ભગવદ્ ગીતાના શ્લોકોનો ઉર્દૂ શાયરીમાં ઢાળવાનો સંકલ્પ કર્યો. મહાભારત સિરિયલ ટીવી પર પ્રસારિત થતી હતીત્યારે એમનો આ પુસ્તક કરવાનો મનસુબો વધુ મજબૂત થયો અને અંતે ગીતાના ૭૬૧ શ્લોકોને ૧૭૬૧ ઉર્દૂની શાયરીમાં ઢાળવામાં આ શાયર સફળ રહ્યા.. ભગવદ્ ગીતાનું શિક્ષણ મુસ્લિમ બિરાદરો સુધી પહોંચે અને તેઓ ગીતા કેમ મહાન ગ્રંથ છે એવું જાણે એ માટે આ પુસ્તકને એમણે દેવનાગરી લિપિમાં પ્રકાશિત કર્યું...

રમેશભાઈ ઓઝાના જન્મદિવસે શાયર અનવર જલાલપુરી અમદાવાદ આવેલા અને મહેન્દ્ર ત્રિવેદીએ કુન્દનબેનની મુલાકાત ગોઠવી આપી અને ત્યારે જ એ ઉર્દૂ શાયરીઓના ગુજરાતી પદ્યાનુવાદનું સપનું સાકાર થવાનું નિશ્ચિત થઈ ગયું. માહિતી ખાતાના જોઈન્ટ ડિરેક્ટર પુલક ત્રિવેદી જેઓ કુન્દનબેનના વિદ્યાર્થી છે એમણે આ પુસ્તકને નામ આપ્યું 'આસ્વાદ'...

શિક્ષકના નામે ડૉ. સંજય શાહ, ડૉ. અમી શાહ, પુલક ત્રિવેદી, ડૉ. મુકેશ જોશી, મહેબૂબખાન, નિપુલ




ઠાકર, યુસુફ રંગવાલા, રાકેશભાઈ વગેરે એકસૂત્ર થઈ પુસ્તક પ્રકાશિત કરવાની અને વિમોચનની તૈયારીમાં લાગી ગયા... ભગવદ્ ગીતા અને સંસ્કૃતની વાત આવે એટલે ગાંધીનગરના સંસ્કૃત સારસ્વત ડૉ. રશ્મિકાન્ત મહેતા નજરે આવે. કુન્દનબેને એમના પુસ્તકના પરામર્શ માટે એમનો સાથ લઈ લીધો... ઉર્દૂની પૂરેપુરી પ્રતિબધ્ધતા સમજનાર દિલીપ મેવાડા કુન્દનબેનનો ટેકો બન્યા અને પછી તો સડસડાટ ઉર્દૂ શાયરીઓ ગુજરાતીમાં એનો ભાવ જાળવીને તૈયાર થવા લાગી... ઉર્દૂ શાયરીઓનો ગુજરાતી પદ્યાનુવાદ 'આસ્વાદ' નામે તૈયાર થઈ ગયો...

'આસ્વાદ'ના વિમોચન પ્રસંગે લખનૌથી શાયર અનવર જલાલપુરી ખાસ આવ્યા હતા.

'તુમ્હારે ઘર મેં દરવાજા હૈ લેકિન તુમ્હેં ખતરે કા અંદાઝા નહીં, હમેં ખતરે કા અંદાઝા હૈ લેકિન હમારે ઘર મેં દરવાજા નહીં...'

આ મશહૂર શેર લખનારા જનાબ અનવરે ભગવદ્ગીતા, એના શ્લોક અને એની ઉર્દૂ શાયરીની સફરની વાત કરી...'આસ્વાદ'ને શુભકામનાઓ પાઠવી...

'આપણે સદ્ભાગી ભારતીય છીએ કે બાળપણથી આપણને રામાયણ, મહાભારત અને ભગવદ્ ગીતાની વાતો સાંભળવા મળી છે. ગીતા કંઈ કંકુ-ચોખા-ફૂલથી વધાવવાની વસ્તુ નથી, એ તો અનુકરણ-અનુસરણનો ગ્રંથ છે' એ શબ્દો કુન્દનબેનના હતા.

કુન્દનબેન ૮૪મા વર્ષે આવું કાર્ય ઉપાડે એ જ મોટી ઘટના છે. એમણે પદ્યમાં ભાવાનુવાદ આપ્યો છે. અહીં એમણે સળંગ અંત્યાનુપ્રાસ જાળવ્યો છે. અનુષ્ટુપ નથી, પણ અનુષ્ટુપના કદની પદ્યરચના છે. સરળતા જાળવી રાખી હોવાથી એ વાંચવામાં બહુ સરળ છે. મૂળ સંસ્કૃત અને પછી ઉર્દૂ થઈને ગુજરાતીમાં આવવા છતાં આસ્વાદ લઈ શકાય એવું આ પુસ્તક બન્યું છે.

કાર્યક્રમ દરમ્યાન એક જ શ્લોકનો સંસ્કૃત, ઉર્દૂ, ગુજરાતી એમ ત્રણ ભાષામાં અર્થ કરવાનો પ્રયોગ વિશેષ રહ્યો. સૌને વૅલકમમાં ભગવદ્ ગીતા અને કુન્દનબેનના સ્મિત સાથેનો બૉઝ લગાવવામાં આવ્યો, જે રોમાંચક રહ્યો.

આજના યુગમાં વિદ્યાર્થીઓ જ્યારે એમનાં શિક્ષકનું સન્માન કરતો કાર્યક્રમ કરી ગુરુદક્ષિણા અદા કરે છે ત્યારે શિક્ષકે આપેલું જ્ઞાન અને વિદ્યાર્થીઓના સંસ્કાર ઉજાગર થાય છે. આવા પ્રસંગે સાચા અર્થમાં 'ખુશ્બુ ગુજરાત કી' મહેકી ઉઠે છે.

આ સમગ્ર ઉપક્રમ માટે એક શેર - ત્યાં વિજય, પ્રસન્નતા પણ ત્યાં જ, બધાને માટે વૈભવ, ઐશ્વર્ય ત્યાં જ.

# સૅ. ૨૭ના મહારાણા પ્રતાપ વિદ્યામંદિરને અન્યત્ર ખસેડવા સામે નાગરિકોનો રોષ

ગાંધીનગર, તા. ૧

શહેરના સૅક્ટર-૨૭ ખાતે કાર્યરત મહારાણા પ્રતાપ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓને અન્યત્ર ખસેડવાની હિલચાલ સામે નાગરિકોનો ઉગ્ર વિરોધ ઉઠ્યો છે. રાજસ્થાન સેવા સમિતિના અગ્રણી માનાજી મારવાડીએ શિક્ષણમંત્રીને આ બાબતે પત્ર લખ્યો છે.

આ પત્રમાં માનાજીએ જણાવ્યું છે કે સૅક્ટર-૨૭માં કાર્યરત આ એકમાત્ર શાળા છે, જેમાં આસપાસનાં ત્રણ સૅક્ટર્સનાં ગરીબ બાળકો અભ્યાસ કરે છે. આર્થિક પછાત વર્ગોનાં બાળકો માટે તો આ શાળા આશીર્વાદ સમાન છે. આ બાળકોને જો અન્યત્ર ખસેડવામાં આવશે તો બાળકો અભ્યાસ છોડી દેશે અને એ કારણે અભ્યાસથી વંચિત પણ રહી જશે.

આ કારણો સામે રાખી મહારાણા પ્રતાપ વિદ્યામંદિર અન્યત્ર ન ખસેડવા માટે તેમણે શિક્ષણમંત્રીને વિનંતી કરી છે.

# સેમેસ્ટર-૩માં આજે ગણિત વિષયનું પેપર

અમદાવાદ, તા.૧

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અત્યારે વિજ્ઞાન પ્રવાહની સેમેસ્ટર પરીક્ષા લેવાઈ રહી છે. જેમાં આવતીકાલે સેમેસ્ટર-૩માં સવારે ૧૦:૩૦થી ૧:૦૦ કલાક દરમિયાન ગણિતનું પેપર લેવામાં આવશે. જ્યારે સેમેસ્ટર-૧માં આવતીકાલે બપોરે ૩:૦૦ થી ૫:૩૦ કલાક દરમિયાન જીવ વિજ્ઞાનની પરીક્ષા લેવામાં આવશે. વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનો પ્રારંભ ૩૦મી ઓક્ટોબરથી થયો છે. જેમાં ૩૦મી ઓક્ટોબરે સેમેસ્ટર-૩માં લેવાયેલ રસાયણ વિજ્ઞાનના પેપર પ્રમાણમાં સરળ રહેતા વિદ્યાર્થીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. જોકે આવતીકાલે સમેસ્ટર-૩માં લેવાનાર ગણિતનાં પેપરમાં વિદ્યાર્થીઓને ખરી કસોટી થશે.